# આકાશવાણી ભુજ

**સમાચાર વાચક: કલ્પના શાહ**

**કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ**

**તારીખ : ૧૯-૦૭-૨૦૨૪ શુક્રવાર સમય : સાંજે ૬:25 કલાકે**

---

## ફાસ્ટ ટેગ વિનાના વાહનો પાસેથી બમણો ટેક્સ

નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા આગળના કાચ પર FASTag નહીં લગાવેલા વાહનો પાસેથી બમણો ટોલ ટેક્સ વસૂલશે.

કાચ પર FASTag ને ઇરાદાપૂર્વક ન લગાવવાથી ટોલ પ્લાઝા પર બિનજરૂરી વિલંબ થાય છે જેના કારણે રાષ્ટ્રીય ધોરીમાર્ગના વપરાશકર્તાઓને અસુવિધા થાય છે. જેથી આગળના કાચ પર FASTag ન લગાવવાના કિસ્સામાં બમણી યુઝર ફી વસૂલવા માટે એજન્સીઓને વિસ્તૃત સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર જારી કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, હાલમાં , દેશભરમાં લગભગ એક હજાર ટોલ પ્લાઝા પર આશરે 45 હજાર કિલોમીટરના રાષ્ટ્રીય ધોરીમાર્ગો અને એક્સપ્રેસવે માટે વપરાશકર્તા ફી વસૂલવામાં આવે છે.

- (RNU અમદાવાદ)

---

## મેલેરિયા મુક્ત ગુજરાત અભિયાન

"મેલેરિયા મુક્ત ગુજરાત-૨૦૩૦" અભિયાન અંતર્ગત જીલ્લાનું આરોગ્ય તંત્ર નાગરિકોને રોગચાળાથી બચાવવા સઘન કામગીરી કરી રહ્યું છે. લોકોમાં મચ્છરોના આશ્રયસ્થાનોના નાશ, તેનાથી બચવાના ઉપાય અંગે જાગૃતિ સહિતના મચ્છરજન્ય રોગચાળા ના નિયંત્રણ માટે ઘર ઘર સર્વે, દવા છંટકાવ, પોરાનાશક કામગીરી સહિતની પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી છે. આ સાથે નગરપાલિકા દ્વારા પણ આરોગ્યલક્ષી કામગીરી અંતર્ગત વિવિધ સ્થળોએ ફોગીંગની અને એમ.એલ.ઓ. છંટકાવની કામગીરી હાથ ધરાઇ છે.

આ સિવાય તકેદારીના ભાગરૂપે શિબિર આયોજન , પત્રિકા વિતરણ, પોરા નિદર્શન અને પોરાભક્ષક માછલી નિદર્શન જેવા માધ્યમો થકી આ રોગનો ફેલાવો અટકાવવાની ઘનિષ્ઠ કામગીરી કરવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે, ચોમાસા દરમિયાન મચ્છરજન્ય બીમારીઓનું પ્રમાણ વધી જાય છે. ત્યારે અમુક સાવચેતીઓ રાખવાથી ડેન્ગ્યુ , મલેરીયા સહિતની નાની મોટી બીમારીઓથી સરળતાથી બચી શકાય છે. તંત્ર દ્વારા આરોગ્ય વિભાગની કામગીરીમાં સહયોગ આપવા સાથે એક જાગૃત નાગરિક તરીકે સ્વચ્છતા જાળવી આરોગ્ય પ્રત્યે તકેદારી રાખવા અપીલ કરાઈ છે.

- (માહિતી ખાતું, ભુજ)

---

## વન વિભાગ-યોજનાઓ

સામાજિક વનીકરણ વિભાગની ખેડૂતલક્ષી યોજનાઓ નો લાભ લેવા વન વિભાગ દ્વારા અનુરોધ કરાયો છે . જો ખેડૂત પોતાનાં ખેતરમાં વૃક્ષો નું બ્લોક વાવેતર કે શેઢે પાળે વાવેતર કરવા ઇચ્છે તો વનવિભાગની વિવિધ યોજનાઓનો લાભ લઈ શકે છે. આ યોજના અંતર્ગત ખેડૂતને જીવંત રોપાની સંખ્યાને ધ્યાને લઇ સીધા બેંક એકાઉન્ટમાં પૈસા જમા કરી આપવામાં આવે છે. અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિના ખેડૂ તો માટે વિશેષ જોગવાઇનો પણ વનવિભાગ દ્વારા લાભ આપવામાં આવે છે.

ગુજરાતના વનવિભાગ દ્વારા જંગલ વિસ્તારની બહાર લોકો વધુમાં વધુ વૃક્ષારોપણ પ્રવૃતિમાં જોડાય તથા વૃક્ષારોપણ બાદ વૃક્ષ ઉછેર કરે તે માટે અનેક પ્રયત્નો હાથ ધરવામાં આવે છે.

વનવિભાગની વિવિધ યોજનાઓનો લાભ લેવા સામાજિક વનીકરણ વિભાગના તાલુકાકક્ષાની રેન્જ કચેરીઓનો સંપર્ક કરવા કચ્છ વન વિસ્તરણ વિભાગના નાયબ વન સંરક્ષક હરેશ મકવાણા દ્વારા જણાવાયું છે.

- (RNU અમદાવાદ)

---

# ખોરાક અને ઔષધ નિયમન વિભાગ-ખાદ્યપદાર્થ ચકાસણી

ખોરાક અને ઔષધ નિયમન વિભાગ , ભુજની કચેરી દ્વારા માંડવી અને નખત્રાણા બાદ ભુજ શહેરમાં પણ ખાદ્યપદાર્થોની ચકાસણી કરાઇ હતી. જેમાં શહેરના હોસ્પિટલ રોડ પર રહેલી ખાણી-પીણીની લારીઓમાં અચાનક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. અને વેપારીઓને ચોમાસાંની ઋતુને લઇને સ્વચ્છતા જાળવવા તેમજ ખોરાક ઢાંકીને રાખવા બાબતે સુચન કરવામાં આવ્યું હતું.

-(કલ્પના શાહ,સ્થાનિક સમાચારપત્ર)

---

# ચોમાસા દરમિયાન બચાવ રાહતકામ માટે ટીમ તૈયાર

ભુજ પાલિકા દ્વારા ચોમાસા દરમિયાન બચાવ, રાહત સહિતની ઈમરજન્સી કામગીરી માટે અલગ અલગ ટીમો તૈનાત કરવામાં આવી છે, જેમાં ડ્રેનેજ, રોડલાઈટ માટે બે બે ટીમો સજ્જ છે. તો પાલિકા દ્વારા કંટ્રોલ રૂમ પણ કાર્યરત કરવામાં આવ્યો છે. ભારે વરસાદ સમયે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિમાં રેસ્ક્યુ કરવા માટે ફાયર વિભાગની ટીમને પણ તમામ સાધનો સાથે સજ્જ કરવામાં આવી છે. જરૂર પડે તરવૈયાઓ, બુલડોઝર, ટ્રેક્ટર સહિતનાં વાહનો પણ હાથવગા રાખવામાં આવ્યા છે. લોકોના જાન-માલને નુકસાન ન થાય તેની તમામ પ્રકારની તૈયારીઓ કરી લેવામાં આવી છે.

ચોમાસા દરમ્યાન વાવાઝોડું કે પૂર જેવી સ્થિતિ સર્જાય તો તેને પહોંચી વળવા માટે ફાયર વિભાગની ટીમ સજ્જ છે. હાલે તમામ પ્રકારનાં બચાવનાં સાધનો, વોટર સેફ્ટીનાં સાધનો ઉપલબ્ધ છે તેમજ કર્મચારીઓને આ સાધનોનાં ઉપયોગ સંદર્ભે ટ્રેનિંગ આપીને પણ સજ્જ કરી દેવામાં આવ્યા છે.

-(કલ્પના શાહ,સ્થાનિક સમાચારપત્ર)

---

# જીલ્લામાં વરસાદ

હવામન વિભાગ દ્વારા કચ્છ સહીત ગુજરાતમાં ભારે વરસાદની આગાહી વચ્ચે આજે સવારે નખત્રાણા, ભુજ, તેમજ કાંઠાળ વિસ્તારમાં ઝાપટા રૂપી વરસાદ વરસ્યો હતો. આજે બપોરે મુન્દ્રામાં વરસાદી ઝાપટાને પગલે માર્ગો પરથી પાણી વહી નીકળ્યા હતા. બારોઇ રોડ, પ્રાગપર ચોકડી, ગુંદાળા, ઝરપરા, ભુજપુર વિસ્તારમાં વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ થયો હતો. માંડવી તાલુકાના ગાંધીગ્રામ, મોટી તુંબડી, ગઢશીશા, મોમાયમોરા, મકડા, શેરડી સહિતના ગામોમાં વરસાદ થયો હોવાના અહેવાલ છે. અન્ય તાલુકાઓમાં પણ મેઘાવી માહોલ જામેલો છે.

દરમિયાન જીલ્લા કંટ્રોલ પાસે થી મળતી વિગતો અનુસાર આજે સવારના ૬ વાગ્યા થી સાંજ ના ૬ વાગ્યા સુધી સૌથી વધુ અંજાર ખાતે ૪૯ મીલીમીટર, ભુજ તાલુકામાં ૧૭ મીમી, મુન્દ્રા ૧૬, નખત્રાણા ૧૧, ગાંધીધામ ૭, અને અબડાસામાં ૬ મીલીમીટર વરસાદ નોંધાયો હતો.

-(કલ્પના શાહ,સ્થાનિક સમાચારપત્ર)

---